Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 12
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 130
Roll No. : ____________

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 30)

1. કોની મદદથી વિશ્વના કોઈ પણ સ્થળે સ્વયં પહોંચી શકાય છે?
   A. GSPની B. ABCની C. GPSની D. UPSની
2. નકશા શબ્દનો અંગ્રેજી પર્યાય શો છે ?
   A. Map B. Cap C. Mup D. Pas
3. પૃથ્વીના કોઈ પણ ભાગના સપાટ કાગળ પરના આલેખનને શું કહે છે?
   A. રૂઢ સંજ્ઞા B. નકશો C. પ્રમાણમાપ D. મેપ
4. કોની મદદથી જે તે પ્રદેશની સંપૂર્ણ વિગતો જાણી શકાય છે?
   A. ઍટલાસની B. રૂટ મૅપની C. દિશાની D. નકશાની
5. ગ્રહો, ઉપગ્રહો, આકાશગંગા, નક્ષત્રો વગેરે અવકાશી પદાર્થોની માહિતી કયા પ્રકારના નકશામાંથી મળે છે ?
   A. ઔદ્યોગિક નકશામાંથી
   B. ખગોળીય નકશામાંથી
   C. ભૂપૃષ્ઠના નકશામાંથી
   D. હવામાનના નકશામાંથી
6. નીચેના પૈકી કયું અંગ નકશાનું અંગ નથી ?
   A. પ્રમાણમાપ B. સ્થાન C. રૂઢ સંજ્ઞાઓ D. દિશા
7. ઊગતા સૂર્યની સામે ઊભા રહીએ તો પીઠ કઈ દિશા તરફ હોય ?
   A. પૂર્વ B. દક્ષિણ C. ઉત્તર D. પશ્ચિમ
8. ઉત્તર-પૂર્વ દિશાને કઈ દિશા કહે છે?
   A. વાયવ્ય B. ઈશાન C. નૈઋત્ય D. અગ્નિ
9. દક્ષિણ-પૂર્વ દિશાને કઈ દિશા કહે છે?
   A. નૈઋત્ય B. ઈશાન C. વાયવ્ય D. અગ્નિ
10. દક્ષિણ-પશ્ચિમ દિશાને કઈ દિશા કહે છે ?
    A. અગ્નિ B. વાયવ્ય C. નૈઋત્ય D. ઈશાન
11. ઉત્તર-પશ્ચિમ દિશાને કઈ દિશા કહે છે?
    A. વાયવ્ય B. નૈઋત્ય C. ઈશાન D. અગ્નિ
12. રંગીન નકશાઓમાં ભૂમિસ્વરૂપ દર્શાવવા ક્યો રંગ વપરાય છે ?
    A. કાળો B. પીળો C. બદામી D. વાદળી
13. રંગીન નકશાઓમાં વનસ્પતિ-જંગલો દર્શાવવા ક્યો રંગ વપરાય છે ?
    A. પીળો B. વાદળી C. લાલ D. લીલો
14. રંગીન નકશાઓમાં જળસ્વરૂપો દર્શાવવા કયો રંગ વપરાય છે ?
    A. વાદળી B. લાલ C. પીળો D. લીલો
15. રંગીન નકશાઓમાં રેલમાર્ગ દર્શાવવા કયો રંગ વપરાય છે?
    A. બદામી B. કાળો C. પીળો D. વાદળી
16. રંગીન નકશાઓમાં જમીન માર્ગ દર્શાવવા ક્યો રંગ વપરાય છે ?
    A. પીળો B. કથ્થાઈ C. લાલ D. લીલો
17. રંગીન નકશાઓમાં ખેતીવિષયક વિગત દર્શાવવા ક્યો રંગ વપરાય છે ?
    A. પીળો B. બદામી C. લાલ D. વાદળી

BHAVDIP VADHER (E-LEARNING)

18. ભારતમાં કુલ કેટલાં રાજ્યો છે?
A. 26 B. 27 C. 29 D. 31

19. ભારત પૃથ્વી પર કયા ગોળાર્ધમાં આવેલો છે ?
A. ઉત્તર-પશ્ચિમ B. દક્ષિણ -પશ્ચિમ C. દક્ષિણ-પૂર્વ D. ઉત્તર-પૂર્વ

20. ભારત એશિયા ખંડના કયા ભાગમાં આવેલો છે ?
A. ઉત્તર B. દક્ષિણ C. પૂર્વ D. પશ્ચિમ

21. ભારતની પૂર્વ દિશાએ કયુ જળસ્વરૂપ આવેલું છે?
A. બંગાળાનો ઉપસાગર B. અરબ સાગર C. હિંદ મહાસાગર D. નારાયણ સરોવર

22. ભારતની પશ્ચિમ દિશાએ કયુ જળસ્વરૂપ આવેલું છે?
A. હિંદ મહાસાગર B. લગૂન સરોવર C. અરબ સાગર D. બંગાળાની ખાડી

23. ભારતની લગભગ મધ્યમાંથી કયું વૃત્ત પસાર થાય છે ?
A. વિષુવવૃત્ત B. મધ્યવૃત્ત C. મકરવૃત્ત D. કર્કવૃત્ત

24. નકશામાં નીચે તરફની દિશા તે નકશાની કઈ દિશા હોય છે?
A. ઉત્તર B. દક્ષિણ C. પૂર્વ D. પશ્ચિમ

25. કોનું અર્થઘટન આંતરરાષ્ટ્રીય ધોરણે એકસરખું કરવામાં આવે છે?
A. નકશાનું B. સરહદોનું C. ગામના રેખાંકનનું D. રૂઢ સંજ્ઞાઓનું

26. નકશામાં ખૂબ ઊંચા પહાડો દર્શાવવા કયો રંગ વપરાય છે?
A. રાતો કે જાંબુડિયો B. પીળો C. વાદળી D. લીલો

27. નકશામાં બરફથી છવાયેલાં શિખરો દર્શાવવા કયો રંગ વપરાય છે?
A. પીળો B. લીલો C. સફેદ D. લાલ

28. નકશાના એક ખૂણે શું દોરેલું હોય છે ?
A. અક્ષાંશ-રેખાંશ રેખા
B. માપ
C. તીર
D. આકૃતિ

29. હોકાયંત્રનો ઉપયોગ શેમાં થતો નથી ?
A. મોટરકારમાં B. વિમાનમાં C. સ્ટીમરમાં D. સબમરીનમાં

30. ભારતની દક્ષિણે નજીકમાં કયું વૃત આવેલું છે ?
A. મકરવૃત્ત B. કર્કવૃત્ત C. વિષુવવૃત્ત D. ધ્રુવવૃત્ત

➽ **ખાલી જગ્યા પૂરો** **(Marks - 24)**

31. મેપ્પા મુન્ડી (Mappa Mundi) ........ ભાષાનો શબ્દ છે.
32. નકશાનાં મુખ્ય ........ અંગો છે.
33. સાંસ્કૃતિક નકશામાં ........ વિગતો દર્શાવેલ હોય છે.
34. પૃથ્વીનો ગોળો ........ ના અભ્યાસ કરવા માટે ઉપયોગી છે.
35. ..........એટલે પૃથ્વીના કોઈ પણ ભાગનું સપાટ કાગળ પરનું આલેખન.
36. પૃથ્વી અથવા તેના વિશાળ ભાગની બહુવિધ દર્શાવતા નકશાના સમૂહને ....... કહે છે.
37. કુદરતનિર્મિત વિગતોનું આલેખન કરતા નકશાઓને નકશા ....... કહે છે.
38. માનવસર્જિત વિગતોનું આલેખન કરતા નકશાને ....... નકશા કહે છે.
39. સામાન્ય રીતે એક નકશાનું પ્રમાણમાપ 1 સેમી : 50 કિલોમીટર કરતાં ઓછું હોય તો તેને ....... માપના નકશા કહેવાય છે.
40. નકશાની સામે ઊભા રહીએ તો જમણા હાથ તરફની દિશા તે નકશાની ....... દિશા અને ડાબા હાથ તરફની દિશા તે નકશાની ....... દિશા હોય છે.
41. નકશામાં ....... દિશા જાણ્યા પછી નકશાની બધી દિશાઓ જાણી શકાય છે.

BHAVDIP VADHER (E-LEARNING)

42. નકશાની રૂઢ સંજ્ઞાઓની ....... સરળ અને સર્વમાન્ય ભાષા છે.
43. ....... ને અર્થઘટન આંતરરાષ્ટ્રીય ધોરણે એકસરખું કરવામાં આવે છે.
44. કોઈ પણ બે સ્થળો વચ્ચેનું ....... અંતર પ્રમાણમાપ વડે જાણી શકાય છે.
45. રંગીન નકશાઓમાં ....... દર્શાવવા કથ્થાઈ રંગ વપરાય છે.
46. રંગીન નકશાઓમાં ....... દર્શાવવા વાદળી રંગ વપરાય છે.
47. રંગીન નકશાઓમાં ....... પ્રદેશ દર્શાવવા લીલો રંગ વપરાય છે.
48. રંગીન નકશાઓમાં ....... દર્શાવવા કાળો રંગ વપરાય છે.
49. રંગીન નકશાઓમાં ....... દર્શાવવા લાલ રંગ વપરાય છે.
50. રંગીન નકશાઓમાં ....... બાબતો દર્શાવવા પીળો રંગ વપરાય છે.
51. ભારત પૃથ્વી પર ....... ગોળાર્ધમાં આવેલ છે.
52. ભારત ....... ખંડના દક્ષિણ ભાગમાં આવેલ છે.
53. ભારતની ઉત્તરે ....... પર્વતમાળા આવેલી છે.
54. ભારતના લગભગ મધ્ય ભાગ પરથી ....... પસાર થાય છે.

➽ **નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 16)**

55. નકશાની મદદથી કોઈ પણ બે સ્થળો વચ્ચેનું વાસ્તવિક અંતર જાણી શકાય છે.
56. રૂઢ સંજ્ઞાઓ એ નકશાનું અંગ છે.
57. GPS(Global Position System)ની મદદથી વિશ્વના કોઈ પણ સ્થળે જાતે પહોંચી શકાય છે.
58. મોટા માપના નકશામાં પૃથ્વી સપાટીનો વિશાળ વિસ્તાર દર્શાવવામાં આવે છે.
59. ઉત્તર દિશાના જ્ઞાનથી અન્ય દિશાઓ જાણી શકાય છે.
60. ઊગતા સૂર્યની સામે મુખ રાખીને ઊભા રહીએ તો આપણી પાછળની બાજુ ઉત્તર દિશા આવશે.
61. રૂઢ સંજ્ઞાઓ વધુ જગ્યામાં ઘણી જાણકારી આપે છે.
62. ઉત્તર-પૂર્વ દિશાને વાયવ્ય દિશા કહે છે.
63. દક્ષિણ-પૂર્વ દિશાને અગ્નિ દિશા કહે છે.
64. દક્ષિણ-પશ્ચિમ દિશાને નૈઋત્ય દિશા કહે છે
65. ઉત્તર-પશ્ચિમ દિશાને ઈશાન દિશા કહે છે.
66. દિશાઓ અને મધ્યવર્તી દિશાઓની મદદથી નકશામાં કોઈ પણ સ્થળ જાણી શકાય છે.
67. ભારત એશિયા ખંડના દક્ષિણ ભાગમાં આવેલો છે.
68. ભારતની પશ્ચિમ દિશાએ હિમાલય પર્વતમાળા આવેલી છે.
69. ભારતની પૂર્વ દિશાએ બંગાળાનો ઉપસાગર (બંગાળાની ખાડી) આવેલો છે.
70. ભારતના લગભગ મધ્યમાંથી મકરવૃત્ત પસાર થાય છે.

➽ **જોડકા જોડો** **(Marks - 20)**

71. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | હિમાલય | (1) જ્વાળામુખી પર્વત |
| 2. | સાતપુડા | (2) અવશિષ્ટ પર્વત |
| 3. | અરવલ્લી | (3) ઉચ્ચપ્રદેશ |
| 4. | પાવાગઢ | (4) ખંડ પર્વત |

BHAVDIP VADHER (E-LEARNING)

72. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | આલ્પસ | ( 1 ) ખંડ પર્વત |
| 2. | વિંધ્ય | (2) અવશિષ્ટ પર્વત |
| 3. | ફ્યુજિયામા | (3) ગેડ પર્વત |
| 4. | પારસનાથ | (4) આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ |

73. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | રૉકીઝ | (1) જ્વાળામુખી પર્વત |
| 2. | હોર્સ્ટ | (2) ગેડ પર્વત |
| 3. | ગિરનાર | (3) પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ |
| 4. | રાજમહલ | (4) ખંડ પર્વત |

74. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | તિબેટનો ઉચ્ચપ્રદેશ | (1) સંયોગીભૂમિ |
| 2. | માળવાનો ઉચ્ચપ્રદેશ | (2) સામુદ્રધુની |
| 3. | બ્રાઝીલનો ઉચ્ચપ્રદેશ | (3) આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ |
| 4. | પાલ્ક | (4) ખંડીય ઉચ્ચપ્રદેશ |

75. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | મોંગોલિયાનો ઉચ્ચપ્રદેશ | (1) ખંડીય ઉચ્ચપ્રદેશ |
| 2. | પેન્ટાગોનિયાનો ઉચ્ચપ્રદેશ | ( 2 ) આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ |
| 3. | અરબસ્તાનનો ઉચ્ચપ્રદેશ | ( 3 ) સંયોગીભૂમિ |
| 4. | પનામાં | ( 4) પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ |

**➽ તફાવત આપો** **(Marks - 5)**

76. પ્રાકૃતિક અને સાંસ્કૃતિક નકશાનો તફાવત જણાવો.

**SECTION - B**

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 27)**

77. હેતુ આધારિત નકશાના પ્રકાર લખો.
78. ભારતમાં કેટલા કેન્દ્રશાસિત પ્રદેશ આવેલ છે ?
79. 'Map' શબ્દ કેવી રીતે બન્યો છે? તેનો શો અર્થ થાય છે?
80. નકશો એટલે શું?
81. નકશાપોથી કોને કહે છે ? તેમાં શું દર્શાવેલ હોય છે?
82. નકશાના મુખ્ય કેટલા પ્રકાર છે ? કયા કયા?
83. પ્રાકૃતિક નકશા કોને કહે છે? તેમાં શું શું દર્શાવવામાં આવે છે?
84. ખગોળીય નકશા કોને કહે છે ?
85. રાજકીય નકશા કોને કહે છે ? બે ઉદાહરણ આપો.
86. સાંસ્કૃતિક નકશા કોને કહે છે ? તેમાં શું દર્શાવવામાં આવે છે ?
87. ઔદ્યોગિક નકશા કોને કહે છે ?
88. મોટા માપના નકશા કોને કહે છે?
89. નાના માપના નકશાના કેટલા પ્રકાર છે? ક્યા કયા?
90. નકશાનાં મુખ્ય અંગો કેટલાં છે? કયાં કયાં? .
91. નકશામાં કઈ દિશા મળી ગયા પછી બીજી દિશાઓ આપોઆપ જાણી શકાય છે ?

BHAVDIP VADHER (E-LEARNING)

92. તમે ઊગતા સૂર્યની સામે મુખ રાખીને ઊભા રહો તો તમારો ડાબો હાથ કઈ દિશા તરફ અને જમણો હાથ કઈ દિશા તરફ આવશે ?
93. ચાર મુખ્ય અને મધ્યવર્તી દિશાઓ કઈ કઈ છે ?
94. પ્રમાણમાપ એટલે શું?
95. નકશામાં રૂઢ સંજ્ઞાઓ દર્શાવવા માટે શાનો ઉપયોગ કરવામાં આવે છે ?
96. નકશામાં પ્રમાણમાપનું શું મહત્ત્વ છે ?
97. નકશામાં કઈ કઈ પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિગતોને દર્શાવવા કયા કયા રંગોનો ઉપયોગ કરવામાં આવે છે?
98. નકશા કેવી રીતે બનાવવામાં આવે છે ?
99. ભારત ક્યા ગોળાર્ધમાં આવેલો છે ?
100. ભારતની ઉત્તરે કઈ પર્વતમાળા આવેલી છે ?
101. ભારતની પૂર્વે અને પશ્ચિમે કયાં જળસ્વરૂપો આવેલાં છે?
102. ભારતના મુખ્ય ભૂમિખંડોનો વિસ્તાર કયાં કયાં અક્ષાંશવૃત્તો અને રેખાંશવૃત્તો વચ્ચે આવેલો છે ?
103. ભારતના લગભગ મધ્ય ભાગમાંથી કયું વૃત્ત પસાર થાય છે?

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 8)**

104. માપના આધારે નકશાના પ્રકાર જણાવી, નાના માપના નકશાનાં બે ઉદાહરણો લખો.
105. ભારતના સ્થાન વિશે ટૂંક નોંધ લખો.
106. નકશો કઈ રીતે ઉપયોગી છે ?
107. મોટા માપના નકશા વિશે માહિતી આપો.

# Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 12

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 130

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 30)

1. GPSની
2. Map
3. નકશો
4. નકશાની
5. ખગોળીય નકશામાંથી
6. સ્થાન
7. પશ્ચિમ
8. ઈશાન
9. અગ્નિ
10. નૈઋત્ય
11. વાયવ્ય
12. બદામી
13. લીલો
14. વાદળી
15. કાળો
16. લાલ
17. પીળો
18. 29
19. ઉત્તર-પૂર્વ
20. દક્ષિણ
21. બંગાળાનો ઉપસાગર
22. અરબ સાગર
23. કર્કવૃત્ત
24. દક્ષિણ
25. રૂઢ સંજ્ઞાઓનું
26. રાતો કે જાંબુડિયો
27. સફેદ
28. તીર
29. મોટરકારમાં
30. વિષુવવૃત્ત

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 24)

31. લેટિન
32. ત્રણ

BHAVDIP VADHER (E-LEARNING)

33. માનવસર્જિત
34. પૃથ્વી
35. નક્શો
36. નકશાપોથી
37. પ્રાકૃતિક
38. સાંસ્કૃતિક
39. મોટા
40. પૂર્વ,પશ્ચિમ
41. ઉતર
42. ભાષા/ચિહ્નો
43. રૂઢ સંજ્ઞાઓ
44. વાસ્તવિક
45. ભૂમિ સ્વરૂપ
46. જળ સ્વરૂપ
47. વનસ્પતિ
48. રેલમાર્ગ
49. જમીન માર્ગ
50. ખેતી વિષયક
51. ઉતર-પૂર્વ
52. એશિયા
53. હિમાલય
54. કર્કવૃત

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 16)

55. ખોટું (False)
56. ખરું (True)
57. ખરું (True)
58. ખોટું (False)
59. ખરું (True)
60. ખોટું (False)
61. ખોટું (False)
62. ખોટું (False)
63. ખરું (True)
64. ખરું (True)
65. ખોટું (False)
66. ખરું (True)
67. ખરું (True)
68. ખોટું (False)
69. ખરું (True)
70. ખોટું (False)

BHAVDIP VADHER (E-LEARNING)

**➽ જોડકા જોડો** **(Marks - 20)**

71. (1-5), (2 -4), (3 -2), (4 -1).

72. (1-3), (2 -1), (3 - 5), (4 -2).

73. (1 -2), (2 - 4), (3-1), (4 - 5).

74. (1 - 3), (2 - 5), (3 - 4), (4 -2).

75. (1-2), (2 -4), (3 – 1), (4 - 3),

**➽ તફાવત આપો** **(Marks - 5)**

76.

| પ્રાકૃતિક નકશા | સાંસ્કૃતિક નકશા |
|---|---|
| 1. પ્રાકૃતિક નકશામાં કુદરત નિર્મિત વિગતોનું આલેખન હોય છે. | સાંસ્કૃતિક નકશામાં માનવસર્જિત વિગતોનું આલેખન હોય છે. |
| 2. આ નકશામાં પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, નદીઓ, મહાસાગરો વગેરે પૃથ્વીના પ્રાકૃતિક ભૂમિસ્વરૂપો દશવિવામાં આવે છે. વન્ય પ્રાણીઓ, વનસ્પતિ-જંગલો, ખનીજો વગેરેનું વિવરણ દર્શાવતા નકશાઓ પ્રાકૃતિક નકશાના ભાગે છે. | આ નકશામાં માનવીની વિવિધ પ્રવૃત્તિઓનો નિર્દેશ કરેલો હોય છે. |

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 27)**

77. હેતુ આધારિત નકશાના મુખ્ય બે પ્રકાર છે : (1) પ્રાકૃતિક નકશા અને (2) સાંસ્કૃતિક નકશા.

78. ભારતમાં કુલ 6 કેન્દ્રશાસિત પ્રદેશો આવેલ છે.

79. 'Map' શબ્દ મૂળ લેટિન ભાષાનો શબ્દ 'Mappa Mundi (મેપ્પા મુન્ડી) ઉપરથી અપભ્રંશ થઈને બન્યો છે. તેનો અર્થ ‘હાથમાં રાખી શકાય તેવો કાપડનો ટુકડો’ એવો થાય છે.

80. નકશો એટલે પૃથ્વીની સપાટી અથવા તેના કોઈ એક ભાગનું સપાટ કાગળ પરનું આલેખન, નકશામાં મોટા વિસ્તાર ધરાવતા પ્રદેશની ઘણી બધી વિગતોને સમાવી શકાય છે.

81. પૃથ્વી અથવા તેના વિશાળ ભૂમિભાગની અનેક પ્રકારની વિગતો દર્શાવતા નકશાઓના સમૂહને ‘નકશાપોથી' કહે છે. તેમાં રાજકીય, વહીવટી, પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિગતો દર્શાવેલ હોય છે.

82. નકશાના મુખ્ય બે પ્રકાર છે : ( 1 ) હેતુ આધારિત નકશા અને (2) માપ પ્રમાણેના નકશા.

83. કુદરતનિર્મિત વિગતોનું આલેખન કરતા નકશાઓને ‘પ્રાકૃતિક નકશા' કહે છે. તેમાં પૃથ્વીનાં પ્રાકૃતિક ભૂમિસ્વરૂપો જેવાં કે પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, નદીઓ, મહાસાગરો વગેરે દર્શાવવામાં આવે છે.

84. ગ્રહો, ઉપગ્રહો, આકાશગંગા, નક્ષત્રો વગેરે અવકાશી પદાર્થોની માહિતી આપતા નકશાઓને ‘ખગોળીય નકશા' કહે છે.

85. ગામ, શહેર, તાલુકા, જિલ્લા, રાજ્ય, દેશ, ખંડ, વિશ્વ વગેરેની સરહદો દર્શાવતા નકશાને ‘રાજકીય નકશા' કઈ છે. રાજકીય નકશાનાં બે ઉદાહરણો : (1) ગાંધીનગર જિલ્લાનો નકશો અને (2) ભારતનો રાજકીય નકશો.

86. માનવસર્જિત વિગતોનું આલેખન કરતાં નકશાને સાંસ્કૃતિક નકશા' કહે છે. તેમાં માનવીની વિવિધ પ્રવૃત્તિઓને દર્શાવવામાં આવે છે.

87. ઔદ્યોગિક ક્ષેત્રો, ઉદ્યોગોનો તબક્કાવાર, ઇતિહાસ,ઉત્પાદન વગેરેની માહિતી આપતા નકશાને ઔદ્યોગિક નકશા" કહે છે.

88. સામાન્ય રીતે એક નકશાનું પ્રમાણમાપ 1 સેમી : 50 કિલોમીટર કરતાં ઓછું હોય તેને મોટા માપના નકશા' કહે છે.

89. નાના માપના નકશાના ચાર પ્રકાર છે : (1) એટલાસ નકશા, ( 2 ) કેડેસ્ટ્રલ નકશા, (3) સ્થળવર્ણન નકશા અને (4) ભીંત નકશા,

90. નકશાનાં મુખ્ય ત્રણ અંગો છે : (1) દિશા, (2) પ્રમાણમાપ અને (3) રૂઢ સંજ્ઞાઓ.

91. નકશામાં ઉત્તર દિશા મળી ગયા પછી બીજી દિશાઓ આપોઆપ જાણી શકાય છે.

92. તમે ઊગતા સૂર્યની સામે મુખ રાખીને ઊભા રહો તો તમારો ડાબો હાથ ઉત્તર દિશા તરફ અને જમણો હાથ દક્ષિણ દિશા તરફ આવશે.

93. ચાર મુખ્ય દિશાઓ આ પ્રમાણે છે : ( 1) ઉત્તર (2 ) દક્ષિણ, (3) પૂર્વ અને (4) પશ્ચિમ. ચાર મધ્યવર્તી દિશાઓ આ પ્રમાણે છે : ( 1) ઈશાન (2) અગ્નિ, (3 ) નૈઋત્ય અને (4) વાયવ્ય.

BHAVDIP VADHER (E-LEARNING)

94. પ્રમાણમાપ એટલે નકશા પરનાં કોઈ પણ બે સ્થળો વચ્ચેનું અંતર અને પૃથ્વીસપાટી પરનાં તે જ સ્થળો વચ્ચેનાં વાસ્તવિક અંતર વચ્ચેનું પ્રમાણ.

95. નકશામાં રૂઢ સંજ્ઞાઓ દર્શાવવા માટે નિશ્ચિત અક્ષરો,છાયા-પ્રકાશ, રંગો, ચિત્રો અને રેખાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

96. નકશામાં પ્રમાણમાપના આધારે કોઈ પણ બે સ્થળો વચ્ચેનું વાસ્તવિક અંતર જાણી શકાય છે.

97. નકશામાં ભૂમિસ્વરૂપ દર્શાવવા કથ્થઈ કે બદામી,જળસ્વરૂપ દર્શાવવા વાદળી, વનસ્પતિ પ્રદેશ દર્શાવવા લીલો, રેલમાર્ગ દર્શાવવા કાળો, જમીન માર્ગ દર્શાવવા લાલ અને ખેતીવિષયક વિગતો દર્શાવવા પીળા રંગનો ઉપયોગ કરવામાં આવે છે.

98. દિશા, પ્રમાણમાપ, રૂઢ સંજ્ઞાઓ અને જુદા જુદા રંગોનો ઉપયોગ કરીને નકશો બનાવવામાં આવે છે.

99. ભારત પૃથ્વી પર ઉત્તર-પૂર્વ ગોળાર્ધમાં આવેલો છે.

100. ભારતની ઉત્તરે હિમાલયની પર્વતમાળા આવેલી છે.

101. ભારતની પૂર્વે બંગાળાનો ઉપસાગર અને પશ્ચિમે અરબ સાગર આવેલો છે.

102. ભારતના મુખ્ય ભૂમિખંડોનો વિસ્તાર 8°4' થી 37°6' ઉત્તર અક્ષાંશવૃત્તો અને 68°7' થી 97°25' પૂર્વ રેખાંશવૃત્તો વચ્ચે આવેલો છે.

103. ભારતના લગભગ મધ્ય ભાગમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 8)**

104. પ્રમાણમાપના આધારે નકશાઓના નીચે મુજબ બે પ્રકાર પાડવામાં આવે છે :
1. નાના માપના નકશાઓ અને 2. મોટા માપના નકશાઓ.
નાના માપના નકશાઓમાં સમગ્ર પૃથ્વીસપાટી પરના વિશાળ વિસ્તારોને મર્યાદિત વિસ્તારમાં દર્શાવવામાં આવે છે.
નાના માપના નકશાનાં બે ઉદાહરણો : ( 1) નકશાપોથીના નકશા (Atlas) અને (2) દીવાલે ટાંગવાના નકશા (Wall Maps).

105. (1) ભારત ઉત્તર-પૂર્વ ગોળાર્ધમાં એશિયા ખંડના દક્ષિણ ભાગમાં લગભગ મધ્ય સ્થાને આવેલો દેશ છે. (2) તે આશરે 8°4' અને 37°6' ઉત્તર અક્ષાંશવૃત્તોની વચ્ચે આવેલો છે. (3) ભારતનો પશ્ચિમ છેડો 68°7' પૂર્વ રેખાંશવૃત્ત પર અને પૂર્વ છેડો 97°25' પૂર્વ રેખાંશવૃત્ત પર આવે છે. (4) ભારતની લગભગ મધ્યમાંથી કર્કવૃત્ત (
$231/2^{\circ}$
ઉત્તર અક્ષાંશવૃત્ત) પસાર થાય છે. (5) ભારતના મધ્ય ભાગમાંથી પસાર થતા 82°5' પૂર્વ રેખાંશવૃત્તના સ્થાનિક સમયને ભારતનો પ્રમાણસમય ગણવામાં આવે છે. (6) ભારત એક વિશાળ દ્વીપકલ્પ છે. તેની પશ્ચિમે અરબ સાગર, દક્ષિણે હિંદ મહાસાગર અને પૂર્વે બંગાળાનો ઉપસાગર (બંગાળાની ખાડી) છે. (7) ભારતની વાયવ્ય સીમાએ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન,ઉત્તર સીમાએ ચીન, નેપાલ અને ભૂટાન, પૂર્વ સીમાએ બાંગ્લાદેશ અને મ્યાનમાર તથા દક્ષિણે શ્રીલંકા દેશો આવેલા છે. (8) ભારતની ઉત્તરે હિમાલય પર્વતમાળા આવેલી છે.

106. (1) નકશા દ્વારા પૃથ્વીના જુદા જુદા ભાગોની ભૌગોલિક માહિતી ખુબ સરળતાથી મળી રહે છે. (2) કોઈ પણ સ્થળનું ભૌગોલિક સ્થાન જાણવા માટે નકશાનો ઉપયોગ થાય છે. પ્રવાસીઓ નકશાવાચન કરી પોતાના પ્રવાસન સ્થળ અંગેની માહિતી પ્રાપ્ત કરી શકે છે. (3) GPSGlobal Position System)ની મદદથી વિશ્વના કોઈ પણ સ્થળે સ્વયં પહોંચી શકાય છે. (4) પૃથ્વીના કોઈ એક ખંડ, દેશ, રાજ્ય, જિલ્લો. તાલુકો કે ગામનો અભ્યાસ કરવા માટે નકશો ખૂબ ઉપયોગી છે. આમ, નકશો ભૌગોલિક માહિતીનો ભંડાર હોવાથી અનેક રીતે ઉપયોગી છે.

107. સામાન્ય રીતે એક નકશાનું પ્રમાણમાપ 1 સેમી : 50 કિલોમીટર કરતાં ઓછું હોય તો તેને ‘મોટા માપનો નકશો' કહે છે. અહીં નકશામાં એક સેમી બરાબર 50 કિલોમીટર પૃથ્વી પર વાસ્તવિક અંતર દર્શાવે છે. મોટા માપના નકશામાં વધારે વિગતો દર્શાવેલી હોય છે. જેમ કે, તાલુકા, શહેર કે ગામના નકશા મોટા માપના નકશાનાં ઉદાહરણો છે.

BHAVDIP VADHER (E-LEARNING)